# -:: જાહેરાત ::-

જિલ્લા ન્યાયાલય, સુરતના મહેકમ ઉપર હાલમાં ખાલી રહેવા પામેલ અંગ્રેજી તથા ગુજરાતી સ્ટેનોગ્રાફરના પદની ખાલી જગ્યાઓ સામે, ગુજરાત સરકારશ્રી ના નાણા વિભાગ દ્વારા તારીખ ૧૭-૦૬-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક એફ.એ.એચ.-૧૦૨૦૧૫-યુ.ઓ-૩૩-ચ તથા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તારીખ ૦૨-૦૭-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક લપક-૧૧/૨૦૧૪/૮૯૪૦૬૮/ખ-૩ માં કરેલ જોગવાઈ અનુસાર, તદન હંગામી, કામચલાઉ તથા પ્રતિ પાના દીઠ રુ.૨૦/- ફીક્સ મહેનતાણા (માસિક મહતમ રુ.૧૫,૦૦૦/- ની મર્યાદામાં) ના ધોરણે, સેવા આપવા ઈચ્છુક અને નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ વિષય અનુસંધાને શરતો, જરુરી સુચનાઓ, અરજીનો નમુનો તેમજ ઉમેદવારની શૈક્ષણીક લાયકાત અંગેની વિગતો જિલ્લા ન્યાયાલય, સુરતની વેબસાઈટ **https://districts.ecourts.gov.in/surat** ઉપર ઉપલબ્ધ છે. અરજી સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૬-૦૨-૨૦૨૪ નિર્ધારીત કરવામાં આવે છે.

શૈક્ષણિક લાયકાતઃ

અંગ્રેજી સ્ટેનોગ્રાફરની કુલ–૧૦(દસ) જગ્યાઓ માટે

(૧) અંગ્રેજી સ્ટેનોગ્રાફરની જગ્યા માટે ઇચ્છુક ઉમેદવારો માન્ય યુનિવર્સિટીની સ્નાતક અથવા સરકારશ્રી તરફથી તેની સમકક્ષ ઠરાવેલ હોય તેવી પદવી ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવાર ગુજરાત સરકારશ્રીના ઠરાવમાં જણાવ્યા મુજબનું કોમ્પ્યુટરને લગતું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(૩) અંગ્રેજી સ્ટેનોગ્રાફર માટે લઘુલીપીની ૧૦૦ શબ્દોની ઝડપ અને તે અંગેની જી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ઇચ્છનીય છે. અંગ્રેજી ટાઇપીંગમાં ઉમેદવાર દર મિનિટે ૪૦ શબ્દોની ઝડપ અથવા તેને સમકક્ષ લાગુ પડતી કી નો ઉપયોગ કરવાની આવડત ધરાવતા હોવા જોઇએ.

ગુજરાતી સ્ટેનોગ્રાફરની કુલ–૮(આઠ) જગ્યાઓ માટે

(૧) ગુજરાતી સ્ટેનોગ્રાફરની જગ્યા માટે ઇચ્છુક ઉમેદવારો માન્ય યુનિવર્સિટીની સ્નાતક અથવા સરકારશ્રી તરફથી તેની સમકક્ષ ઠરાવેલ હોય તેવી પદવી ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવાર ગુજરાત સરકારશ્રીના ઠરાવમાં જણાવ્યા મુજબનું કોમ્પ્યુટરને લગતું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(૩) ગુજરાતી સ્ટેનોગ્રાફર માટે લઘુલીપીની ૭૫ શબ્દોની ઝડપ અને તે અંગેની જી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ઇચ્છનીય છે. ગુજરાતી ટાઇપીંગમાં ઉમેદવાર દર મિનિટે ૨૫ શબ્દોની ઝડપ અથવા તેને સમકક્ષ લાગુ પડતી કી નો ઉપયોગ કરવાની આવડત ધરાવતા હોવા જોઇએ.

સુચનાઓઃ

(૧) અરજી સાથે દરેક ઉમેદવારે ઉંમર ( શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ) , શૈક્ષણિક લાયકાત તથા અન્ય કોઇ દસ્તાવેજ ( જો હોય તો ) તેની પ્રમાણીત નકલો જોડવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજી રજીસ્ટર્ડ એ.ડી., સ્પીડ પોસ્ટ અગર તો માન્ય કુરીયર સર્વિસ મારફતે મોકલવાની રહેશે. રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૩) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખઃ **૨૬–૦૨–૨૦૨૪** છે.

(૪) ઉમેદવારની પસંદગી લઘુલીપી તથા ટાઇપીંગ ટેસ્ટના પરિણામના આધારે કરવામાં આવશે અને જરૂર જણાશે તો મૌખિક ઇન્ટરવ્યુ લેવામાં આવશે.

શરતોઃ

(૧) સદરહુ નિમણુંક તદ્દન હંગામી અને કામ ચલાઉ રહેશે. ઉમેદવારોને કાયમી થવાનો કોઇ હક્ક રહેશે નહી અને નિમણુંક થયા પૂર્વે તે મતલબ નું ઉમેદવારે બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૨) ઉમેદવારને નિમણુંક મળ્યા બાદ ન્યાયાધીશશ્રીઓ પાસે ડિક્ટેશન લઇ કોમ્પ્યુટર પર ટાઇપ કરવાનું રહેશે. ટાઇપ કરેલા પાના ધ્યાને લઇ રૂપિયા ૨૦/- પ્રતિ પાના ના દરે (મહત્તમ રૂ. ૧૫૦૦૦/- ની મર્યાદામાં ) મહેનતાણું સરકારશ્રીના નિયમોને આધિન દરેક માસના અંતે ચુકવવામાં આવશે.

(૩) ઉમેદવારે મહેનતાણા માટે માસ ના અંતે કરેલ કામનો રીપોર્ટ ન્યાયાધીશશ્રીઓ દ્વારા પ્રમાણિત કર્યા બાદ જિલ્લા ન્યાયાલય, સુરતને મોકલી આપવાનો રહેશે અને તે મુજબ ઉમેદવારને મહેનતાણાની રકમ ચુકવવામાં આવશે.

(૪) પસંદગી પામેલા ઉમેદવારની કામગીરી જો સંતોષકારક નહી જણાય અગર તો અન્ય કોઇ વહીવટી બાબતો ને લીધે ઉમેદવારને ગમે ત્યારે છુટા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો કોઇપણ પ્રકારની નોટીસ આપ્યા વગર ઉમેદવારને છુટા કરવામાં આવશે જેનો અબાધિત હક્ક જિલ્લા ન્યાયાલય, સુરતનો રહેશે અને તે મતલબનું ઉમેદવારે બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૫) ઉમેદવારે કવર પર " અંગ્રેજી સ્ટેનોગ્રાફર ( ફીક્સ પે પર પેજ ધોરણે ) માટેની અરજી" અગરતો "ગુજરાતી સ્ટેનોગ્રાફર ( ફીક્સ પે પર પેજ ધોરણે ) માટેની અરજી " તેવું સ્પષ્ટ અક્ષરે અચૂક દર્શાવવું.

# અંગ્રેજી સ્ટેનોગ્રાફરની [ફીકસ પે પર પેજ રુ.૨૦/- ના ધોરણે] અરજીનો નમુનો

ઉમેદવારનો તાજેતર નો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો તથા સહી

પ્રતિશ્રી,
મે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સાહેબશ્રી,
જિલ્લા ન્યાયાલય, અઠવા લાઈન્સ,
સુરત

૦૧. ઉમેદવારનું પુરેપુરૂ નામ (અટક પ્રથમ લખવી) : ______________________

(અટક) (નામ) (પિતા/પતિનુ નામ)

૦૨. પિતા / પતિ નું પુરેપુરૂ નામ : ______________

૦૩ ૧. કાયમી સરનામું : ______________________

______________________

______________________

૨.હાલનું સરનામું : ______________________

______________________

______________________

૦૪. મોબાઈલ / ફોન નંબર : ______________________

૦૫. જન્મ તારીખ : ______________________

૦૬. શૈક્ષણિક લાયકાતઃ

| અ.નં. | અભ્યાસ / કોર્ષ (પ્રવાહ સાથે) | બોર્ડ / યુનિવર્સીટી / શાળા | પાસ કર્યાનું વર્ષ | લીધેલા વિષયો | મેળવેલ ગુણના ટકા | પ્રયત્નની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |
| ૩. | | | | | | |
| ૪. | | | | | | |

**નોંધઃ-**

૧. શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર તથા એસ.એસ.સી./ સમકક્ષ તથા સ્નાતક ગુણપત્રક તથા પ્રમાણપત્રોની ખરી નકલો જોડવી.

૨. માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ ભાષાની નિપૂણતા ધરાવતી પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૩. કોમ્પ્યુટર કૌશલ્યનો કોર્ષ અથવા તેની સમકક્ષ પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૦૭. યોગ્યતા

(૧) અંગ્રેજી લઘુલેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૨) અંગ્રેજી ટાઈપ લેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૩) કોમ્પ્યુટરની જાણકારીની વિગત : ____________________

**નોંધઃ-** રાજ્ય પરીક્ષા બોર્ડ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્રની ખરી નકલ સામેલ રાખવી.

૦૮. અરજદારની જ્ઞાતિ

( અરજદારની અનુસિચિત જાતિ / અનુસુચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત / શારીરિક ખોડખાપણ વાળા / માદી લૈનિક છે ? ) : ____________________

૦૯. અનુભવ, જો હોય તો : ____________________

૧૦. જિલ્લા ન્યાયાલય, સુરતમાં તમારા કોઈ સગા નોકરી કરે છે ? જો હા, તો કર્મચારીનું નામ, હોદ્દો તથા તેની સાથેનું સગપણ જણાવવું. : ____________________

## -::એકરાર ::-

આથી હું નીચે સહી કરનાર ઉમેદવાર પ્રમાણિત કરૂં છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારા જણાવા તથા માનવા પ્રમાણે સંપુર્ણ સાચી અને ખરી છે. હું સમજું છું અને સંમત થાઉ છું કે કોઈપણ તબક્કે, કોઈપણ સંજોગોમાં કોઈપણ માહિતી જે મેં પુરી પાડી તે ખોટી અથવા ખામીયુક્ત જણાશે તો મારી અરજી / ઉમેદવારી રદ થવાને પાત્ર થશે અને જો મને નિમણુંક આપવામાં આવી હશે તો મારી નિમણુંક રદ કરવાપાત્ર થશે.

સ્થળઃ

તારીખઃ

____________________

(ઉમેદવારની સહી)

***અરજી સાથે સામેલ રાખી મોકલાવેલ પ્રમાણિત નકલોની વિગતઃ***

(૧)

(૨)

(૩)

(૪)

# ગુજરાતી સ્ટેનોગ્રાફરની [ફીક્સ પે પર પેજ રુ.૨૦/- ના ધોરણે] અરજીનો નમુનો

ઉમેદવારનો તાજેતર નો પાસપોર્ટ સાઇઝનો રંગીન ફોટો તથા સહી

પ્રતિશ્રી,
મે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સાહેબશ્રી,
જિલ્લા ન્યાયાલય, અઠવા લાઇન્સ,
સુરત

૦૧. ઉમેદવારનું પુરેપુરૂ નામ (અટક પ્રથમ લખવી) : ______________________

(અટક) (નામ) (પિતા/પતિનુ નામ)

૦૨. પિતા / પતિ નું પુરેપુરૂ નામ : ______________

૦૩ ૧. કાયમી સરનામું : ______________________

______________________

______________________

૨.હાલનું સરનામું : ______________________

______________________

______________________

૦૪. મોબાઇલ / ફોન નંબર : ______________________

૦૫. જન્મ તારીખ : ______________________

૦૬. શૈક્ષણિક લાયકાતઃ

| અ.નં. | અભ્યાસ / કોર્ષ (પ્રવાહ સાથે) | બોર્ડ / યુનિવર્સીટી / શાળા | પાસ કર્યાનું વર્ષ | લીધેલા વિષયો | મેળવેલ ગુણના ટકા | પ્રયત્નની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |
| ૩. | | | | | | |
| ૪. | | | | | | |

**નોધઃ-**

૧. શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર તથા એસ.એસ.સી./ સમકક્ષ તથા સ્નાતક ગુણપત્રક તથા પ્રમાણપત્રોની ખરી નકલો જોડવી.

૨. માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ ભાષાની નિપૂણતા ધરાવતી પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૩. કોમ્પ્યુટર કૌશલ્યનો કોર્ષ અથવા તેની સમકક્ષ પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૦૭. યોગ્યતા

(૧) ગુજરાતી લઘુલેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૨) ગુજરાતી ટાઇપ લેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૩) કોમ્પ્યુટરની જાણકારીની વિગત : ____________________

**નોધઃ-** રાજ્ય પરીક્ષા બોર્ડ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્રની ખરી નકલ સામેલ રાખવી.

૦૮. અરજદારની જ્ઞાતિ

( અરજદારની અનુસિચિત જાતિ / અનુસુચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત / શારીરિક ખોડખાપણ વાળા / માદી લૈનિક છે ? ) : ____________________

૦૯. અનુભવ, જો હોય તો : ____________________

૧૦. જિલ્લા ન્યાયાલય, સુરતમાં તમારા કોઇ સગા નોકરી કરે છે ? જો હા, તો કર્મચારીનું નામ, હોદ્દો તથા તેની સાથેનું સગપણ જણાવવું. : ____________________

## -::એકરાર ::-

આથી હું નીચે સહી કરનાર ઉમેદવાર પ્રમાણિત કરૂં છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારા જણાવા તથા માનવા પ્રમાણે સંપુર્ણ સાચી અને ખરી છે. હું સમજું છું અને સંમત થાઉ છું કે કોઇપણ તબક્કે, કોઇપણ સંજોગોમાં કોઇપણ માહિતી જે મેં પુરી પાડી તે ખોટી અથવા ખામીયુક્ત જણાશે તો મારી અરજી / ઉમેદવારી રદ થવાને પાત્ર થશે અને જો મને નિમણુંક આપવામાં આવી હશે તો મારી નિમણુંક રદ કરવાપાત્ર થશે.

સ્થળઃ

તારીખઃ ____________________

(ઉમેદવારની સહી)

***અરજી સાથે સામેલ રાખી મોકલાવેલ પ્રમાણિત નકલોની વિગતઃ***

(૧)

(૨)

(૩)

(૪)